MBQ-004-001220

**A**

# MBQ-004-001220
## B. Ed. (Sem. II) Examination
### November / December – 2016
## Account Content *(Old Course)*

**Faculty Code : 004**
**Subject Code : 001220**

Time : Hours] [Total Marks : **70**

***પરીક્ષાર્થીઓને સૂચના***

૧. પ્રત્યેક MCQ ઉત્તરવહીના પ્રથમ પાના ઉપર પરીક્ષાર્થીએ બેઠક ક્રમાંક/પરીક્ષા કેન્દ્ર અને પરીક્ષાની તારીખ પોતાની સહી સાથે લખવાની રહેશે.

૨. પરીક્ષાર્થીને MCQ પ્રશ્ન પ્રકારનો પ્રશ્નપત્ર આપવામાં આવેલ છે. જે નિયત સમય મર્યાદામાં પૂર્ણ કર્યા બાદ ખંડ નિરીક્ષકને MCQ ઉત્તરવહી સુપરત કરવાની રહેશે.

૩. તમારી ઉત્તરવહીના કોઈ પણ ભાગમાં તમારું નામ અથવા નંબર લખવો નહીં (નિર્દિષ્ઠ જગ્યા સિવાય) અથવા પોતાની ઓળખ છતી થાય તેવી કોઈ નિશાની કરવી નહીં.

૪. તમોને આપેલી MCQ ઉત્તરવહી, પરીક્ષા ખંડ છોડતા પહેલાં ખંડ નિરીક્ષકને સુપરત કરવી.

૫. લેખનસામગ્રી, ગણિતનાં સાધનો કે એવી કોઈ પણ ચીજની કોઈ પણ બીજા પરીક્ષાર્થી સાથે આપ-લે કરવાની સખત મનાઈ છે.

૬. પ્રશ્નપત્રો વહેંચાઈ ગયા પછી ૩૦ મિનિટ સુધી અને પરીક્ષાના સમયની છેલ્લી ૧૦ મિનિટ દરમિયાન તમોને કોઈ પણ સંજોગોમાં પરીક્ષા ખંડની બહાર જવા દેવામાં આવશે નહીં.

૭. જો તમો

(અ) પરીક્ષા સમય દરમિયાન પરીક્ષા ખંડમાં તમારી સાથે કોઈ પણ પુસ્તક અથવા કોઈ પણ પ્રકારના લખાણ કે નોંધવાળી કાગળની કાપલી કે વસ્તુ લાવશો અગર,

- પરીક્ષા ચાલુ હોય ત્યારે બીજા પરીક્ષાર્થી સાથે વાત કરશો કે કોઈ પણ રીતે સંદેશો મોકલવા વ્યવહાર કરશો અગર,
- બીજી કોઈ પણ જાતની ગેરરીતિ કરશો અથવા ગેરરીતિ કરવાનો પ્રયત્ન કરશો અગર,
- પરીક્ષા પૂરી થયા બાદ પરીક્ષાખંડ છોડતી વખતે તમોને આપેલી તમારી કોઈ પણ લખેલી કે કોરી ઉત્તરવહીઓ સાથે લઈ જશો કે પરીક્ષાખંડમાં આમ કરવાના ઈરાદાથી કોઈ પ્રવૃત્તિ કરશો તો શિક્ષાને પાત્ર બનશો તથા તમને પરીક્ષામાંથી ઉઠાડી મૂકવામાં આવશે અને તમારા વિષે તેનો યુનિવર્સિટીને તાત્કાલિક રિપોર્ટ કરવાનો નિરીક્ષકને અધિકાર છે.

(બ) જે પરીક્ષાર્થી મુખ્ય કે અન્ય નિરીક્ષકની સૂચનાનો અનાદર કરશે કે ઉદ્ધત અથવા અયોગ્ય વર્તન પરીક્ષાખંડમાં દાખવશે અથવા નિયમોનો ઈરાદાપૂર્વક ભંગ કરશે તે શિક્ષાને પાત્ર બનશે અને મુખ્ય નિરીક્ષક તેને પરીક્ષામાંથી તાત્કાલિક ઉઠાડી મૂકી શકશે.

(ક) ઉપર જણાવ્યા પ્રમાણેની તેમજ યુનિવર્સિટીના ઓર્ડિ.માં દર્શાવેલી ગેરરીતિ જો કોઈ પરીક્ષાર્થી આચરશે તો તે પરીક્ષાર્થીને મુખ્ય નિરીક્ષક પરીક્ષા ખંડમાંથી બહાર મોકલી શકશે.

(ડ) પરીક્ષાખંડમાં મોબાઈલ ટેલિફોન કે પેજર જેવાં સાધનો લાવશો તો મુખ્ય નિરીક્ષક આ સાધનોને જપ્ત કરી શકશે.

૮. પરીક્ષાનો સમય પૂરા થવાની ૧૦ મિનિટ અગાઉ સંકેતનો ઘંટ વાગશે ત્યારે તમો લખવાનું બંધ કરી તમારી ઉત્તરવહીઓ તમારા ખંડના નિરીક્ષકને સુપરત કરવા તૈયાર રહેશો. જ્યાં સુધી નિરીક્ષક બધાની ઉત્તરવહીઓ એકઠી કરી લે નહીં ત્યાં સુધી તમારે તમારી બેઠક છોડવી નહીં.

***Instructions to Candidates***

1. The candidate will have to write his seat number/centre of examination and date of examination along with his/her signature on the first page of each MCQ answer sheet.
2. The candidate is supplied with MCQ question paper, which he will have to complete in given fixed time and will have to submit the MCQ Answer Sheet to the block supervisor.
3. You should not write your name or number in any part of your Answer Sheet (except specifid space) OR you should not put any sign whereby you identity can be made out.
4. The MCQ Answer Sheet given to you should be submitted to block supervisor before leaving the examination block.
5. The exchange of writing material, tools of mathematics and such similar things with other students is strictly prohibited.
6. Up to 30 minutes after distribution of question papers and in last 10 minutes of the examination time you will not be allowed to go outside the block under any circumstances.
7. If you

(a) Will bring any textbook or any type of writing or any strip of paper with notes or any other thing in the examination hall with you during the examination time. OR

- Talk with other candidate during examination or try to send message by any means or do any communication OR will do any type of mal practice or will attempt for any mal practice. OR
- Will carry your any written answer books or blank answer book with you while leaving the examination hall after completion of examination. OR will do any activity with intention of doing so, you will be liable to punishment or you will be expelled from the examination the supervisor has the right to send immediately the report to the University.

(b) The candidate who will disobey the instructions given by chief or other supervisor OR will show rude or inappropriate behaviour in the examination hall, the supervisor will immediately debar the candidate from the examination.

(c) If any candidate does any of the above mentioned mal practices or as mentioned in the Ord. of University, the chief supervisor will send the candidate out of the examination hall.

(d) The chief supervisor will seize the instruments like mobile telephone or pager if you bring in the hall.

8. 10 minutes before the completion of examination an indicative bell will ring. You should stop writing at that time you become ready to submit your answer books to your block supervisor. You should not leave your seat until the supervisor does not complete the collection of all the answer books.

સૂચના / **Instructions :**

- નીચેના પ્રશ્નોના ઉત્તર **M.C.Q. Answer Sheet**માં લખવા. / Give answer of following question in **Answer sheet**.
- **પ્રશ્ન નં. 1થી 30**માં દરેક પ્રશ્નનો **1 ગુણ** છે. / **Q. No. 1 to 30**, each carries **1 marks**.
- **પ્રશ્ન નં. 31થી 50**માં દરેક પ્રશ્નના **2 ગુણ** છે. / **Q. No. 31 to 50**, each carries **2 marks**.

---

**1** કંપનીનો વહીવટ કોણ કરે છે ?

(A) બધા શેરહોલ્ડરો

(B) સરકાર

(C) ડિબેન્ચરહોલ્ડરો

(D) ચૂંટી કાઢેલા ડિરેક્ટરોનું બોર્ડ

**2** શેર વટાવનો દર કેટલા ટકાથી વધારે હોવો જોઈએ નહીં ?

(A) 5% (B) 12%

(C) 10% (D) 8%

**3** ડિબેન્ચર ધારણ કરનારને શું કહે છે ?

(A) કંપનીના માલિક (B) કંપનીના સંચાલક

(C) ડિબેન્ચરહોલ્ડર (D) એક પણ નહીં

**4** ડિબેન્ચર નીચેનામાંથી કઈ રીતે બહાર પાડી શકાય ?

(A) મૂળકિંમતે (B) પ્રીમિયમથી

(C) વટાવથી (D) દરેક રીતે

**5** કયાં પત્રકો 100 ટકાના પત્રકો તરીકે ઓળખાય છે ?

(A) તુલનાત્મક પદ્ધતિ

(B) વલણ દર્શાવતી ટકાવારી

(C) સામાન્ય માપના

(D) રોકડ પ્રવાહપત્રક

6 કઈ બાબત નાણાકીય પત્રકોમાં નોંધાતી નથી ?

(A) અવાસ્તવિક મિલકતો
(B) પાઘડી
(C) રોકાણો
(D) સંચાલકોની કાર્યક્ષમતા

7 શેરહોલ્ડરોના પ્રતિનિધિને કયા નામે ઓળખવામાં આવે છે ?

(A) ડિબેન્ચરહોલ્ડરો
(B) સંચાલકો
(C) ઓડિટર
(D) સંચાલક

8 રોજમેળ પાના નંબરને ટૂંકમાં કઈ રીતે લખાય ?

(A) રો. પાના. નં.
(B) રોજ પા. નં.
(C) રો. પા. નં.
(D) રો. પા. નંબર

9 દુકાન માટે રૂ. 900 નું કેલ્કયુલેટર ખરીદ્યું. કઈ મિલકત ખાતે ઉધાર થશે ?

(A) ખરીદ ખાતે
(B) રોકડ ખાતે
(C) કેલ્કયુલેટર ખાતે
(D) દુકાન ખાતે

10 મંદિરમાં ભેટ મૂકી રૂ. 101 - આ કયા ખાતે લખવામાં આવે છે ?

(A) અનામત ખાતે
(B) ધર્માદા ખાતે
(C) ફંડ ખાતે
(D) આવક ખાતે

11 ફાકું મારવું એ શેની નિશાની છે ?

(A) ખતવણી થઈ ગયાની
(B) ખતવણી બાકી છે તેની
(C) આંકડાવહીમાં નોંધ બાકી છે.
(D) જાંગડનોંધમાં નોંધ થઈ છે.

12 દેશીનામું કઈ ભાષામાં લખાય ?

(A) ગુજરાતી

(B) હિન્દી

(C) અંગ્રેજી

(D) માતૃભાષા (પ્રાદેશિક ભાષા)

13 માંડછાળ મેળ એટલે શું ?

(A) બેઠોમેળ

(B) રોજમેળ

(C) ઠામમેળ

(D) રોજમેળ પછી લખાતો મેળ

14 જમાખર્ચી મેળમાં કેવા વ્યવહારો નોંધાય છે ?

(A) ઉધાર રોકડ

(B) ફક્ત રોકડ

(C) ફક્ત ઉધાર

(D) દરેક પ્રકારના

15 ડૂબેલું લેણું કયા ખાતે ઉધારાય છે ?

(A) ઘાલખાધ ખાતે

(B) વટાવ ખાતે

(C) દેવાદાર ખાતે

(D) (A) અને (B) બંને

16 દેશીનામામાં પાકા ખાતા કયા છે ?

(A) માલખાતા

(B) ઉપજના ખાતા

(C) ખર્ચના ખાતા

(D) મિલકત ખાતા

17 કાચી નોંધને કયા નામે ઓળખાય છે ?

(A) ટાંચણી (B) ટાંચણ

(C) ટીપ્પણ (D) દનિયું

18 સામા દસ્તકની ખાતાવહી કોણ રાખે છે ?

(A) દલાલો (B) શરાફો

(C) વેપારી (D) ગ્રાહકો

19 ઉધાર વેચાણના વ્યવહારો શેમાં નોંધાય છે ?

(A) ખરીદ નોંધ (B) ઉધાર નોંધ

(C) વેચાણ નોંધ (D) રોકડ નોંધ

20 વર્ષના અંતે ધંધાનું પરિણામ જાણવા કોણ ઉપયોગી છે ?

(A) પાકું-સરવૈયું (B) વેપાર ખાતું

(C) ચાલુ ખાતું (D) ન.નુ. ખાતું

21 નફા-નુકસાન ખાતાને કયા પત્રકના નામે ઓળખવામાં આવે છે ?

(A) રોકડ પ્રવાહના (B) ખર્ચના

(C) આવકના (D) મહેસૂલી ખર્ચના

22 નાણાકીય પત્રકોમાં કુલ કેટલા પક્ષકારો હોય છે ?

(A) દસ (B) અગિયાર

(C) ચાર (D) પાંચ

23 સરેરાશ સ્ટોક શોધવા શરૂનો સ્ટોક આપેલ ન હોય ત્યારે શું ગણતરીમાં લેવાય છે ?

(A) રોકડ ખરીદી (B) ઉધાર ખરીદી

(C) કુલ ખરીદી (D) આખર સ્ટોક

24 શરાફો કયો ચોપડો રાખે છે ?

(A) વ્યાજવહી (B) જણસવહી

(C) કબાલાવહી (D) આંકડાવહી

25 દેશીનામાનો પ્રાથમિક ચોપડો કયો છે ?

(A) કાચીનોંધ (B) રોજમેળ

(C) આવરો (D) બેઠોમેળ

26 લેણદારને આંગડિયા મારફતે મોકલેલ રકમ કયા ખાતે ઉધારાય છે ?

(A) હથ્થું ખાતે (B) દેશાવર ખાતે

(C) તસલમાત ખાતે (D) શાહ ખાતે

27 માલની આવક અને જાવક અંગેના હિસાબો માટે કયો ચોપડો રાખવામાં આવે છે ?

(A) સુધાવહી (B) જાંગડનોંધ

(C) કબાલાવહી (D) જણસવહી

28 રોજમેળમાં આખરની સિલકને શું કહેવાય ?

(A) શ્રી પુરાંત જણસે (B) શ્રી પુરાંત બાકી

(C) શ્રી ૧। (D) કાંધું

29 સરવૈયામાં કયા ખાતા દર્શાવાય છે ?

(A) કાચાં ખાતાં (B) પાકાં ખાતાં

(C) માલ ખાતાં (D) ખર્ચ ખાતાં

30 ડિબેંચર પા.સ.માં ક્યાં દર્શાવવામાં આવે છે ?

(A) તારણ વગરની લોન (B) તારણવાળી લોન

(C) જવાબદારી (D) શેરમૂડી

31 ભરત લિ.ના ચોપડે 2003-04 ના વર્ષમાં વેચાણ 6,50,000 છે. કાચો નફો 1,30,000 છે. તો કાચા નફાનો ગુણોત્તર..........

(A) 10% (B) 15%

(C) 20% (D) 18%

32 'અ' કંપની લિ. માં પ્રવાહી મિલકતો 3,60,000 છે. અને પ્રવાહી દેવાં 1,25,000 છે. તો પ્રવાહી ગુણોત્તર જણાવો.

(A) 2.88 (B) 1.88

(C) 3.89 (D) ત્રણેયમાંથી એકેય નહીં.

33 જયેશ પાસેથી 5000ની કિંમતનો માલ 10% વેપારી વટાવે ખરીદ્યો, તો વેપારી વટાવની ગણતરી દર્શાવો.

(A) 500 (B) 510

(C) 490 (D) ત્રણેયમાંથી એક પણ નહીં.

34 દુકાનમાં આગ લાગવાથી રૂ. 8000નો માલ બળી ગયો જેનો વીમા કંપનીએ 80% દાવો મંજૂર કર્યો, તો આગથી બળી ગયેલ માલ ખાતે કેટલી રકમ નોંધવામાં આવશે ?

(A) 8000 (B) 1600

(C) 6400 (D) 8080

35 સંજય પાસેથી 6000નો માલ 10% વેપારી વટાવે ખરીદ્યો. બધો જ માલ મૂળકિંમત પર 20% નફો ચઢાવીને વિશિષ્ટને વેચ્યો, તો સંજય ખાતે કેટલી રકમ દર્શાવાશે ?

(A) 6000 (B) 6200

(C) 5400 (D) 6600

36 ઉધારચંદ નાદાર થતા તેઓના રિસીવરે રૂ. 5,000ના દેવા સામે 30 પૈસા લેખે અને આખરી ડિવિડન્ડ રોકડમાં ચૂકવ્યું, તો વટાવ ખાતે કેટલી રકમ ઉધારાશે ?

(A) 1600 (B) 3500

(C) 4500 (D) ત્રણેયમાંથી એક પણ નહીં

37 નિલિની બહેનને રૂ. 3,000નો માલ 5% રોકડ વટાવે વેચ્યો, તો રોકડ વટાવની ગણતરી કરો.

(A) 150

(B) 105

(C) 155

(D) ત્રણેયમાંથી એક પણ નહીં

38 આપણા દેશમાં કંપનીનું સંચાલન કયા ધારા અનુસાર થાય છે ?

(A) ધારો 1932 (B) ધારો 1947

(C) ધારો 1956 (D) ધારો 1965

39 કેટલા ટકા કરતાં ઓછી અરજીઓ મળે તો ઓછું ભરણું કહેવાય ?

(A) 70% (B) 65%

(C) 90% (D) 80%

40 ભૂલ સુધારણા અંગેની નોંધ કેવી રીતે થાય છે ?

(A) ઉધાર બાજુ (B) જમા બાજુ

(C) એક ખાતુ ઉધાર બીજું જમા (D) રોકડ ખાતે

41 ચાલુ ગુણોત્તર સામાન્યતઃ કેટલો વાજબી ગણાય ?

(A) 1 : 1 (B) 2 : 2

(C) 2 : 1 (D) 2 : 2

42 વેચેલ માલની પડતર = વેચાણ – ________.

(A) ચોખ્ખો નફો (B) સ્ટોક

(C) ખરીદી (D) કાચો નફો

43 કયું ખાતું દ્વિનોંધી નામાપદ્ધતિના ઉપલકખાતા જેવું છે ?

(A) તસલમાત ખાતું (B) વટાવ ખાતું

(C) દેશાવર ખાતું (D) હથ્થું ખાતું

44 મધ્યસ્થ સરકારની મંજૂરી મળ્યા તારીખથી કેટલા માસ સુધીમાં વટાવે શેર બહાર પાડવા જોઈએ ?

(A) એક માસ (B) બે માસ

(C) છ માસ (D) બાર માસ

45 2002-03નું ચોખ્ખું વેચાણ 1,14,000 રૂ. અને 2003-04નું રૂ. 66,500 છે. તો તુલનાત્મક પદ્ધતિમાં ટકાવારીમાં વધારો અથવા ઘટાડો જણાવો.

(A) 41.66% વધારો

(B) 41.66% ઘટાડો

(C) 41.68% ઘટાડો

(D) 41.67% વધારો

46 કુલ મૂડી અને કુલ દેવાં રૂ. 10,00,000 છે. અને ઈ. શેર મૂડી રૂ. 4,50,000 છે. તો મૂડીનું ટકાવારી પ્રમાણ શું થાય ?

(A) 55% (B) 100%

(C) 54% (D) 45%

47 એક કંપનીનો ચાલુ વર્ષનો નફો રૂ. 75,000 છે. અને ગત વર્ષનો નફો રૂ. 50,000 છે. તો નફાની ટકાવારીમાં કેટલો વધારો થયો ગણાય ?

(A) 80% (B) 50%

(C) 30% (D) 75%

48 સુવર્ણાને રૂ. 10,000 નો માલ 10% વેપારી વટાવે અને 5% રોકડવટાવે વેચ્યો. વેચાણવેરો 2%, મજૂરી 60% અને પેકીંગ ખર્ચ રૂ. 40 સહિતનું જાવક ભરતિયાનું નં. 301 મોકલ્યું, તો સુવર્ણા ખાતે કેટલી રકમ દર્શાવાશે ?

(A) 9280 (B) 1980

(C) 9240 (D) 9000

49 નીચેનામાંથી કયું ચાલુ મિલકતનું ઘટક નથી ?

(A) સ્ટોક (B) બેન્કસિલક

(C) દેવાદારો (D) ત્રણેમાંથી એકેય નહીં

50 યામિનીબહેનને 2000 આપી વડોદરા ખરીદી માટે મોકલ્યા - આ વ્યવહારની નોંધ કયા ખાતે નોંધાશે ?

(A) ખરીદ ખાતે (B) રોકડ ખાતે

(C) દેશાવર ખાતે (D) એક પણ નહીં

**SPACE FOR ROUGH WORK**

SPACE FOR ROUGH WORK